**તા.૦૧/૦૭/૨૦૨૫ થી રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં ૩% વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

**ઠરાવ ક્રમાંક** : વલભ–૧૦૨૦૧૬–જીઓઆઇ–૭–ચ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૦૭/૧૦/૨૦૨૫

**વંચાણે લીધા:**

(1) નાણા વિભાગનો તા.૧૬/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્ર. વલભ–૧૦૨૦૦૭–૨૦૧૬–ચ

(2) નાણા વિભાગનો તા.૧૬/૦૪/૨૦૨૫ નો ઠરાવ ક્ર. વલભ–૧૦૨૦૧૬–જીઓઆઇ–૭–ચ

(3) ભારત સરકારનો તા.૦૬/૧૦/૨૦૨૫ નો ઓફિસ મેમોરેન્ડમ નં.૧/૪(૧)/૨૦૨૫/ ઈ.૨(બી)

**ઠરાવ**:

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો– ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભ (૨) માં દર્શાવેલ તા.૧૬/૦૪/૨૦૨૫ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને તા.૦૧/૦૧/૨૦૨૫ ની અસરથી ૫૫% ના દરે મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે.

**૨.** ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ ભારત સરકારના તા.૦૬/૧૦/૨૦૨૫ના ઓફિસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના કર્મચારીઓના કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૨૫ની અસરથી હાલમાં ચુકવવામાં આવતા મોંઘવારી ભથ્થાના ૫૫% ના દરમાં વધારો કરી ૫૮% ના દરે મોંઘવારી ભથ્થુ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૫૫% ના દરમાં તા.૦૧/૦૭/૨૦૨૫ થી ૩% (ત્રણ ટકા) વધારો કરી, ૫૮% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| **તા. ૦૧/૦૭/૨૦૨૫ થી** | **મૂળ પગારના ૫૮%** |

**૩.** રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓ/પેન્શનરોના પગાર/પેન્શનમાં મોંઘવારી ભથ્થામાં વધારો ઓક્ટોબર–૨૦૨૫ના પગારની સાથે કરવાનો રહેશે. જુલાઈ –૨૦૨૫ થી સપ્ટેમ્બર–૨૦૨૫ સુધીના મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમની ચૂકવણી ઠરાવ પ્રસિધ્ધ થયા બાદ એક હપ્તામાં રોકડમાં કરવાની રહેશે.

રાજ્ય સરકારના પેન્શનરોને જુલાઈ–૨૦૨૫ થી સપ્ટેમ્બર–૨૦૨૫ સુધી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ ઉપર મુજબ ચૂકવવાની રહેશે. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

**૪.** આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

**૫.** આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

**૬.** રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (A.I.S.) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઇ. ડી. ચૌધરી)**
નાયબ સચિવ
નાણા વિભાગ

**<u>નકલ રવાના પ્રતિ-:</u>**

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

તમામ માન. મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા